# પ્રવેશ પ્રક્રિયા ૨૦૨૫-૨૬ માટે તબક્કા-૩નું શિડ્યુલ

## સ્નાતક કક્ષાના પ્રોગ્રામમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ અનુસરવાના પગલાં

(ફક્ત પ્રવેશથી વંચિત રહી ગયેલ વિદ્યાર્થીઓ માટે)

(For affiliated and constituent colleges / Department of Universities associated with GCAS Portal)

**પ્રવેશનો તબક્કો – ૩**

| ક્રમ | પ્રવેશનો તબક્કો | તારીખ | કુલ દિવસો | વિદ્યાર્થીએ અનુસરવાની પ્રક્રિયા |
|---|---|---|---|---|
| ૧ | રજિસ્ટ્રેશન રાઉન્ડ & અગાઉના તબક્કામાં સબમિટ કરેલ અરજીની વિગતમાં સુધારણા માટે | તા.૦૭.૦૮.૨૦૨૫ થી તા.૧૦.૦૮.૨૦૨૫ | ૦૪ | 1. ક્વિક રજિસ્ટ્રેશન કરી રજિસ્ટ્રેશન ફી, પ્રોફાઈલ, શૈક્ષણિક માહિતી ભરવી અને યુનિવર્સિટી-કોલેજ-પ્રોગ્રામ-મુખ્ય વિષયની પસંદગી કરવી.<br>2. ઓનલાઈન અરજી ચેક કરી GCAS પોર્ટલ પર સબમિટ કરવી.<br>જે વિદ્યાર્થીઓએ અગાઉના પ્રવેશના તબક્કાઓમાં પ્રવેશ માટે અરજી કરી હશે અને તેમણે ક્યાંય પ્રવેશ કન્ફર્મ કરાવેલ નહીં હોય કે કન્ફર્મ કરાવેલ પ્રવેશ રદ કરાવેલ હશે તેઓ આ સમયગાળામાં તેમની અરજીમાં સુધારો કે ચોઈસ બદલી શકશે.<br>**નોંધ:** આવા વિદ્યાર્થીઓએ ક્રમ-૨ મુજબ લાગુ પડતાં કિસ્સામાં તેમની અરજી વેરીફાઇ કરાવવાની રહેશે. |
| ૨ | વેરીફીકેશન રાઉન્ડ (રજિસ્ટ્રેશન રાઉન્ડને સમાંતર) | તા.૦૭.૦૮.૨૦૨૫ થી તા.૧૧.૦૮.૨૦૨૫ | ૦૩* | GCAS પોર્ટલ પર સબમિટ કરેલ ઓનલાઈન અરજી તથા અસલ પ્રમાણપત્રોનું વેરીફીકેશન નજીકના વેરીફીકેશન સેન્ટર પર કરાવવું. |
| ૩ | ટેકનિકલ પ્રોસેસ | તા.૧૨.૦૮.૨૦૨૫ | ૦૧ | - |
| ૪ | પ્રવેશ રાઉન્ડ -૧ | તા.૧૩.૦૮.૨૦૨૫ થી તા.૧૪.૦૮.૨૦૨૫ | ૦૨ | 1. વિદ્યાર્થીએ GCAS પોર્ટલ પર તેના ડેશબોર્ડ પર લોગ-ઈન કરી સંબંધિત યુનિવર્સિટી-કોલેજ દ્વારા આપવામાં આવેલ પ્રવેશની ઓફર ચકાસવી.<br>2. વિદ્યાર્થીના ડેશબોર્ડ પર મળેલ તમામ ઓફર્સ પૈકી પસંદગીની યુનિવર્સિટી-કોલેજ-પ્રોગ્રામ-મુખ્ય વિષયની ઓફર પોર્ટલ પર OTPથી કન્ફર્મ કરવી.<br>3. ઓફર લેટરની પ્રિન્ટ લઈ પ્રવેશ માટે સંબંધિત યુનિવર્સિટી-કોલેજ પર તમામ અસલ પ્રમાણપત્ર અને સ્વપ્રમાણિત પ્રમાણપત્રોના એક સેટ સાથે રીપોર્ટીંગ કરવું. |

| ક્રમ | પ્રવેશનો તબક્કો | તારીખ | કુલ દિવસો | વિદ્યાર્થીએ અનુસરવાની પ્રક્રિયા |
|---|---|---|---|---|
| | | | | 4. યુનિવર્સિટી–કોલેજ ખાતે નિયમાનુસાર ફી ભરવી અને OTPથી પ્રવેશ કન્ફર્મ કરવો. |
| ૫ | પ્રવેશ રાઉન્ડ –૨ | તા.૧૮.૦૮.૨૦૨૫ થી તા.૧૯.૦૮.૨૦૨૫ | ૦૨ | ક્રમ – ૪ મુજબ |

* ૧૦.૦૮.૨૦૨૫, ૧૭.૦૮.૨૦૨૫–રવિવાર; ૦૯.૦૮.૨૦૨૫, ૧૫.૦૮.૨૦૨૫, ૧૬.૦૮.૨૦૨૫ – જાહેર રજા

**નોંધ :**

1. પ્રવેશનો તબક્કો – ૩ મુખ્ય રૂપે પ્રવેશ વંચિત વિદ્યાર્થીઓ માટે છે.
2. **જે વિદ્યાર્થીઓને તેમણે પસંદ કરેલી તમામ ચોઈસ સામે ત્રણ કે તેથી વધુ વખત પ્રવેશની ઓફર મળી હોવા છતાં જો તેમણે તેમને મળેલ કોઈ પણ ઓફર સ્વીકારી પ્રવેશ કન્ફર્મ કરાવેલ નહિ હોય તેમને તેમનો પ્રવેશ કન્ફર્મ કરાવવા માટે તબક્કા–૩ પ્રવેશ રાઉન્ડ–૧માં અંતિમ તક આપવામાં આવે છે. જો તેઓ તબક્કા–૩ પ્રવેશ રાઉન્ડ–૧માં મળેલ પ્રવેશની ઓફરનો સ્વીકાર કરી પ્રવેશ કન્ફર્મ નહિ કરાવે તો તેમને આગામી રાઉન્ડમાં પ્રવેશની ઓફર મળશે નહીં.**
3. **આ તબક્કા દરમિયાન પ્રવેશ રદ કરી શકાશે નહિ.**
4. જે વિદ્યાર્થીઓએ પ્રવેશના અગાઉના તબક્કાઓમાં ઓનલાઈન અરજી સબમિટ કરી છે પરંતુ વેરીફાઈ (લાગુ પડતા કિસ્સામાં) કરાવી નથી કે વેરીફાઈ કરાવવાની રહી ગઈ છે તે વિદ્યાર્થીઓ તા.૦૭.૦૮.૨૦૨૫ થી તા.૧૧.૦૮.૨૦૨૫ દરમિયાન તેમની ઓનલાઈન અરજી વેરીફાઈ કરાવી શકશે.
5. જે વિદ્યાર્થીઓએ પ્રવેશના અગાઉના તબક્કાઓમાં યુનિવર્સિટી–કોલેજ ખાતે કન્ફર્મ કરાવેલ પ્રવેશ રદ્દ કરાવેલ છે તેઓ પ્રવેશના આ તબક્કામાં તેમની અગાઉની અરજીના આધારે ભાગ લઈ શકશે. તેમણે નવી અરજી કરવાની જરૂર નથી.
6. વિદ્યાર્થીઓ ખાલી બેઠકોની માહિતી માટે GCAS પોર્ટલ પરથી મેળવી શકે છે. ઓનલાઈન અરજીમાં ચોઈસ કરતા પહેલા વિદ્યાર્થીએ તેમની પસંદગીના યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામ–મુખ્ય વિષયમાં બેઠકોની ઉપલબ્ધતાની પુષ્ટિ કર્યા બાદ જ ચોઈસ કરવી.
7. **જે વિદ્યાર્થીઓની ધોરણ–૧૨ની શૈક્ષણિક માહિતી ઓટો–ફેચ ના થાય તેમણે તેમની ધોરણ–૧૨ની માર્કશીટ ફરજીયાત અપલોડ કરવાની રહેશે. માર્કશીટ મહત્તમ 200 KB સાઈઝની pdf/jpg ફોર્મેટમાં અપલોડ કરવાની રહેશે. એક કરતાં વધુ માર્કશીટના કિસ્સામાં વિદ્યાર્થીએ તમામ માર્કશીટ્સ એક જ ફાઈલમાં મર્જ કરીને અપલોડ કરવાની રહેશે.**
8. **વિદ્યાર્થીને સંબંધિત કોલેજ–યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ પ્રવેશના ઓફરની સમયાવધિ સંબંધિત કોલેજ–યુનિવર્સિટીના કામકાજના કલાકો કે સાંજે ૪.૦૦ કલાક (બે માંથી જે વહેલું હોય) સુધીની રહેશે.**

*****